પ્રવેશ ૧

બારીસ્ટર

આવૃત્તિ બીજી.

છપાવી પ્રસિધ્ધ કરનાર,

મુંબઇ ગુજરાતી નાટક મંડળી.

મુંબઈ:

ધી શમશેર પ્રિન્ટીંગ પ્રેસમાં

શમશુદીન એન્ડ અબદુલરસુલ એઓએ

છાપી છે.

સને ૧૯૧૦ —:o.— સંવત ૧૯૬૭

કીંમત રૂ૦—૨—૦

પાત્રો

પુરૂષ વર્ગ.

કેશવલાલ... ....બારીસ્ટર

શંકર.........................તેનો નાનો ભાઇ

દેવરામ.......................તેનો મોટો ભાઈ

જદુરામ.......... .. ..તેનો બાપ

જગજીવન.. ....બારીસ્ટરનો મિત્ર

પ્રાણશંકર.............. .....બારીસ્ટરનો બનેવી ફિરંગીના છુપા વેશમાં રહેલો

જીવણ........................શંકરનો મિત્ર

હરિશંકર..................... પ્રાણશંકરનો દોસ્ત

ચીમન.......................બારીસ્ટરનો દીકરો

સ્ત્રી વર્ગ.

ચંદન.....................બારીસ્ટરની સ્ત્રી.

ગલાલ.....................બારીસ્ટરની મા.

કેસર.......................દેવરામની સ્ત્રી.

નાની, રાધા } ....બારીસ્ટરની બ્હેનો

દેવકોર.........................જગજીવનની વહુ અને પ્રાણશંકરની બ્હેન

ગંગા.........................તેની દીકરી

બમ્હો સમાજ સ્ત્રીઓ; પારસી છોકરીઓ, સોલજરો; સેશનના છોકરા, મહેતાજી, નિશાળીઆ, લેણીઆત ઇત્યાદી.

નાટકનો ટુંકો સાર.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો—બે બાલિકાઓ આવી, નાટક આવી મતલબનું શા માટે કર્યું; તેનાં કારણો સમજાવી જાય છે.

પ્રવેશ ૨ જો—કેશવલાલ. બારીસ્ટરની પરીક્ષામાં પાસ થઇ, ઇંગ્લાંડથી આવે છે, મુંબઇમાં ભણતો તેનો ભાઇ શંકર, તથા જગજીવન વગેરે બારીસ્ટરના મિત્રો બારીસ્ટરને સામે લેવા પાલવા બંદરપર આવે છે

પ્રવેશ ૩ જો—દેવકોર અને જગજીવન પોતાની પુત્રીને શંકર ભણાવતો તે ઉપકારના બદલામાં એક કિંમતી ભેટ ગંગાને હાથે શંકરને અપાવે છે.

પ્રવેશ ૪ થો ફિરંગીના છુપા વેશમાં રહેલા બારીસ્ટરના બનેવી પ્રાણશંકરને બારીસ્ટર સાથે પાલવાપર ઉતરતાંજ, હરીશંકર નામના તેના ઓળખીતાએ ઓળખેલો, તે આવી પ્રાણશંકરને એમ કરવાનું કારણ પુછેછે પ્રાણશંકર પરણ્યા પછી વેપાર માટે જંગબાર ગએલ તેની ગેર હાજરીમાં તેના કોઇ દુસ્મને તેના મરણના ખબર તેને સાસરે મોકલાવેલા. જંગબારથી આવતા પ્રાણશંકરને એ ખબર પડી. એડનમાં તેને કેશવલાલ મળ્યો. પોતાની સ્ત્રીની પરીક્ષ જોવાના હેતુથી પ્રાણશંકરે અજાણ્યો થઇ કેશવલાલની નોકરી લીધી. આ વાત તથા બારીસ્ટરે મુંબઇ આવ્યા પછી મોજ શોખમાં પૈસા ઉડાવી દીધા, તેના બાપે સિદ્ધપુરથી કંઇ મોકલ્યું નહિ તેથી આજે ત્યાં જનાર છે, એ વાત બંને કરે છે. એટલામાં બારીસ્ટર, શંકર અને જગજીવન આવે છે. બારીસ્ટર, નાનાભાઇને હોટલનાં ચા, બીસ્કીટ ખાવા દબાણ કરે છે. તેપરથી, જગજીવન તથા બારીસ્ટર વચ્ચે માંસાહાર સબંધી વાદ થાય છે. બાદ ગાડીનો વખત થતાં સિદ્ધપુર જવા ઉપડે છે.

પ્રવેશ ૫ મો—જદુરામ ભટ્ટ સવારમાં પુજા કરે છે; એટલામાં તથા બારીસ્ટર આવે છે, બારીસ્ટરનું અપમાન થતાં સામો તપી જાય છે. પણ તેનો મોટોભાઈ દેવરામ સૌના મનનું સમાધાન કરે છે.

પ્રવેશ ૬ ઠો—દેવરામની વહુ ઈશ્વર પતિ પુજા કરે છે; તે પ્રાણુશંકર તથા બારીસ્ટર જુએ છે, દેર ભોજાઇ વચ્ચે પતિ પુજા સંબંધી ચરચા થાય છે.

પ્રવેશ ૭ મો—ગંગા અને તેની સખીઓનો આનંદ પ્રસંગ

પ્રવેશ ૮ મો—બારીસ્ટર પોતાની વહુ ચંદનની લાજ છોડાવી, પોતે તેને માટે આણેલા વસ્ત્રાભુષણ બતાવે છે. તથા આ સુધારાની શરૂઆત થાય છે.

પ્રવેશ ૯ મો—નિશાળના મેતાજી છોકરાઓને ડાંડથી બારીસ્ટરને ત્યાં છુટી લેવા તેડી જાયછે, રસ્તામાં શંકર અને પ્રાણુશંકર મળે છે એ બન્ને ત્યાંની કોરટમાં જતા હતા કેમકે જદુરામ ભટ્ટ પરના દેવા સબંધી કેસનો આજે ચુકાદો હતો. બારીસ્ટરે વિલાયત ભણવા જવા માટે રૂપાના વેપારને બહાને બાપ પાસેથી ઘરમાંથી રૂપીઆ કઢાવેલા, તેમજ ગામમાથી કરજાઉ લેવરાવેલા, અને પછી સટકી ગએલો તેનું એ કરજ હતું. મેતાજી વાતમાં વચ્ચેજ માથું મારી છોકરાઓની કવાયત દેખાડવા જાય છે. બદલામાં તેને માત્ર સજા કરી બન્ને જાય છે અધુરૂં છોકરા પુરૂં કરે છે.

પ્રવેશ ૧૦ મો—જદુરામભટનું ઘરબાર લેણીયાતને સોંપાયછે જદુરામ ભટ કેદમાં જતાં ઘરમાં મળવા આવે છે લેણીઆત બધાને ઘરમાથી કહાડી મુકે છે.

———:0:———

અંક ૨ જો

પ્રવેશ ૧ લો—બારીસ્ટરને મુંબઇ આવ્યે ચાર માસ થયા છે. હજી કમાણી થતી નથી; તેનો મિત્ર જગજીવન એક સારો કેસ

આપાવે છે, પણ દેશ ભક્તિનો ઉત્સાહી બારીસ્ટર, એ પૈસા દેશહિતના કામમાં વાપરવા માંગેછે. ચીઠ્ઠ અપાવ્યા પછી તરત જગજીવન ગંગા; શંકરને આપવાની વાત કહાડેછે પણ નિર્ધન કેશવ, શંકર મેટ્રીકમાં પાસ નથી થયો એ બહાને ના પાડે છે.

પ્રવેશ ૨ જો—ચીઠ્ઠના પૈસા આવતાં તે દેશહિતના કામમાં ન વાપરતાં બાપને કેદમાંથી છોડાવવા માટે વાપરવા ચંદન નાની તથા ચીમન બારીસ્ટરને સમજાવે છે. પણ તે નથી માનતો.

પ્રવેશ ૩ જો—બારીસ્ટર સાથે મુંબઇ આવ્યા પછી શંકર, ગંગાને ફરીથી ભણાવવા માંડીછે; ગંગાના મનમાંની ઉપકાર વૃતિ પ્રેમના રૂપમાં બદલાયછે શંકરને તે ચાહેછે. એ પ્રેમનું પ્રથમ દર્શન.

પ્રવેશ ૪ થો—વિધવા બ્હેનને પુનર વિવાહ કરવા સમજાવવા બારીષ્ટર બે બ્રમ્હોસમાજની સ્ત્રીઓને મોકલે છે. અલબત ધર્મયુક્ત રાધા ડગતી નથીજ.

પ્રવેશ ૫ મો—ચોથા પ્રવેશમાં બનેલી વાતની ખબર ગભાલને પડતાં, તે બારીસ્ટરનું ઘર છોડી જવા ધારે છે. શંકર પોતાની આજ મેટ્રીકની પરીક્ષા હોવાથી પોતાના બાઇબંધ જીવણને, પોતાને તથા મા બ્હેનને માટે ઓરડી ખોળી કાઢવા કહે છે.

પ્રવેશ ૬ ઠો—મેટ્રીકના માંડવાની મુસીબત તથા પાસ થવાની આશાએ ઘણું લખવા જતાં વખત ચુકવાથી શંકરનું નાપાસ થવું.

પ્રવેશ ૭ મો—મેટ્રીકનો વખત હોવાથી શંકરને બદલે જીવણ ગંગાને ભણાવવા આવતો. તે આજે પ્રેમ વશ ગંગાના પ્રેમને વધારે ઉત્તેજન આપે છે.

પ્રવેશ ૮ મો—શંકર નાપાસ થયાના જગજીવન ખબર લાવેછે. શંકરને ગંગા અપાય એમ ન રહેવાથી બીજા સાથે વરાવવા ધારે છે ગંગાનો ગભરાટ જોઇ માબાપનાં હૃદય પીગળે છે. અને શંકરનેજ આપવી એમ ઠરે છે પણ ત્યાર પહેલાં બારીસ્ટરને સુધારવાના ઉપાય લેવાનુ કામ તેના ઘરનાની સંમતિથી દેવકોર માથે ઉઠાવે છે.

પ્રવેશ ૯ મો—શંકરની મા જુદી ઓરડીમાં જઈ રહ્યાં ૫ સ્વભાવની રાધા બારીષ્ટર સાથેજ રહી ચોતરફથી શોકથી ઘેરાએલો શંકર અને તેનો મિત્ર બોરી બંદર પાસે બાગમાં જઈ બસે છે એટલામાં અકાળએલી ગંગા, શંકર પાસે જવા નીકળેલી તે અહીંજ આવી ટ્રામમાંથી ઉતરી જાય છે. તેની વિહ્વળ દશા જોતાં શંકર અને જીવન આવે છે. અને શંકર તેને સમજાવી તેના બાપના ઘર તરફ લઈ જાય છે.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—બારીસ્ટરને સુધારવાની યુક્તિનો આજે અમલ થાય છે, કોઈ પ્રેમીપર લખતી હોય એમ ચંદન એક ચીઠી લખે છે અને તે નાની આરક્ત બારીસ્ટરને અપાવે છે; તથા પોતે પુરૂષના પોષાકવાળી દેવકોર સાથે એન્ડરટેન્ડપર ફરવા જાય છે ચીઠી વાંચી ગુસ્સે થયલા કેશવને, જગજીવન તથા પ્રાણશંકર ગોઠવણ મુજબ ત્યાંજ તેડી જાય છે.

પ્રવેશ ૨ જો—જાહેરમાં પરપુરૂષ સાથે પોતાની સ્ત્રીને અતિ છુટથી વર્તતી જોઈ, બારીસ્ટર બહુ ગુસ્સે થાય છે, પણ ચંદન તની જરાએ પરવા ન કરતાં ચાલી જાય છે.

પ્રવેશ ૩ જો—ઉદાસ થએલો કેશવ ઘર આવે છે, તેને રાધા યુરોપી વ્યવહારનાં કડવાં ફળોનો બોધ આપે છે પોતે ભરેલાં પગલાંઓ માટે કેશવ પસ્તાય છે. એટલામાં ચંદન અને પુરૂષ વેષે દેવકોર આવે છે. ભેદ ફુટે છે. બારીસ્ટર શરમાય છે. માને બોલાવવા રાધાને મોકલે છે અને બાપને છોડાવવા રૂપીઆ આપી જગજીવનને સિધ્ધપુર રવાના કરે છે. પોતે ધર્મ ક્રિયાથી શુધ થવા નાશીક જાય છે,

૪ થો—ગરીબાઇનો અનુભવ થતાં એ કોમળ ગંગાથી નહિ સહેવાય એમ લાગતાં શંકર, ગંગાથી સદાને માટે છુટો પડવા આવે છે. પણ પરિણામે ઉલટો વધારે બંધાઇને જાય છે.

પ્રવેશ ૫ મો—પ્રાણશંકર હવે ફીરંગીનો વેશ છોડી જાહેર કેમ થવું એ માટે ગભરાય છે. અને સલાહ લેવા પોતાની બેન દેવકોરને બોલાવે છે. ભાઇ બેનની ઓળખાણ તથા સંવલસ—

પ્રવેશ ૬ ઠો—દેવકોર, ગંગાને પોતાની સાથે બારીસ્ટરને ત્યાં લાવેલી પોતાનું વેશવાળ શંકર સાથે થવાનું છે એ ગંગાને ખબર હતી. મા સાથે ફરીથી ભાઇના ઘરમાં આવી વસેલો શંકર પ્રીયાને જોઇ ઉમળકે આગળ વધે છે. પણ ગંગા ટીખળ કરવા તેને એકદમ અટકાવે છે અને કહે છે કે હું તમને છોડી દેવા આવી છું પ્રેમ, એ ટીખળ અલબત વધારે વખત ટકવા નથી દેતો.

પ્રવેશ ૭ મો—પ્રાણશંકને નાથાનો મેળાપ શંકરનું વેશવાળ, બારીસ્ટરની માબાપ પાસે ક્ષમા માગવી અને કુટુંબનો સંતોષ.

બારીસ્ટર.

અંક ૧ લો.

એ છોકરી— ૧

નમન કરૂં સાંબ નેહે, જટા માંહી શીત ગંગ વહે છે;
ભાસે શીતલ ચંદ્ર સોહે સોહે; નમન૦
ગોજે સુત ગણ નાયક કુમાર ભરો શાંતી સા ગેહે
નમન૦

એ છોકરી— ૨

શા ખાલી રહી શાળી ચાંદની, પેલો મેઘ ગયો કયંહી ન્હાસી
રાત્રી હસતી હાસ હુલાસી, ચક્ષઅશ્રુ બન્યું શાન્તી વિલાસી
વિતી દશા ઉન્માદની આજ વિતી દશા ઉન્માદની (૨) શા૦

સેલરના છોકરા— ૩

આઇ હેવ બીન ટુ સાઉથ કેરો લીના,
એન્ડ સમ્બોઆઝ માઇ નેમ,
માઇ વાઇફ શી ફોલ્સ મીસેસ
વીચ સુટ્સ મી જસ્ટ ધી સેમ,
એન્ડ એનીથીંગ આઇસી,
ધટ લુકસ સોનીટ એન્ડશાઇ
ફોર આયવ ટેકન આ ટેક ઑફ આરન અવેજેક;
ઍન્ડ આઇલ નેવર કમ બૅક ઍનીમોર, ધેન ઓહ આઇહો–ધટ૦

દેવકોર— ૪

સંતાન સમુ સુખ વિશ્વમાં બીજું નહિ
શીત ઝરણુ સખ્ત તપ્ત વાળુમાં બીજું નહિ;
આ જહેરથી ભર્યાં જગત મહીં આરામ ઠામ
સંતાનના સમું અમી ભર્યું બીજું નહિ,
આશા નવ નવી તણું વ્હાલું વિલાસસ્થાન
સંતાનના સમું મને દીસે બીજું નહિ

૫

પ્રેમ ભીના રસ ભાવે સહુ પિએજી
પ્રેમ જીવે રાજ આ સઘળો સંસાર
હો પ્રેમીરે; કાં વહેમીરે;
પ્રેમ હેડું વણુસાડે એ નાહીં કહીએજી
સાચાં પ્રેમી દિલને દિલ સહુ દીયેજી
ધન્ય એનો રાજ વિશ્વ વિષે વ્યવહાર
હો પ્રેમીરે, કાં વહેમીરે;
પ્રેમ સાધી સાંભળી આનંદે રહીએજી

શંકર—

૬

બાળા શાણી તું સમાણી મને લાગેરે વ્હાલી
લાગેરે વ્હાલી સલુણી કાલીરે કાલી, બાળા૦
ગંગા— અંતર ઝળકાય મારૂં હર્ષથી ભરેલું આ,
વાળું કેમ આપનો આભાર હોજી આજ બાળા૦
લેજોજી સંભાળ ફરી આ ગરીબ કેરી
શંકર—આશીષ જલ્દી ન અકળા લગાર ડાહી આજ બાળા૦

આશુશંકર-

૭

આવ્યા જંગબાર જઈ બન્યા ફિરંગી ભાઈ
બ્રાહ્મણ રૂપ તજી દઈ થયા યુરોપ શાહી
મુવેલો ધારી મુજને નારી દુઃખ માંહી
ધર્મ ધારી રહી હશે કે પાપ ફસાઈ

કોરસ

જાણે સૌ મને તો મુએલો જગત્
જાણી જોઈ આપણે બન્યા મુંગા ભગત્,
આશુશંકર નામને સાટે આ વખત્
ઓથેલો કહાવવાનું હશે લખત્
કેશવ આગબોટ પર દીઠો આવતાં ઘેર,
મળી લીધી તેની નોકરી આ પેર,
સ્ત્રીની ચાલ જોવા જઈશું સાળા સાથ,
જોશું શીળવંતી તો તેના થાશું નાથ.

ભાનુશંકર— ૮

વિલાત જઈ આવ્યા, જાણે થયા ઈંગ્લીશ, મૂર્ખ કહો એ
ગણી મન હરખાય ગોરી મડમના પુત્ર મૂર્ખ કહો એ કેવા.

કોરસ

પહેરે બુટ સ્ટાગીંગ, મોટા ફુલીમન. પીંગ. મૂર્ખ કહો એ કેવા;
ગાની ગોલ્ડ તણી રીંગ, પ્રાઈસ ટુપ્રાણીંગ, મૂર્ખ કહો એ કેવા,
જાય ભુલી માને બાપ જાય ભુલી જાત આપ, મૂર્ખ કહો એ કેવા.
બને પરના ગુલામ; સોસો એવાને સલામ મૂર્ખ કહો એ કેવા,

કેશવ— ૯

પથ્થરને મુરખો પુજે, તાણે ટીલાં લઈ કપાળ.
વહેમોની વાતો સૂઝે, પરણાવે નાનાં બાળ,

કોરસ.

કરે બદ કામ, બોળે હિંદ નામ, કરે નીચ કામ, મુકે છેક મામ,
લીએ જુઠ દામ, મળે શું આરામ, એવા છે હિંદુ તમામ.

જગજીવન— ૧૦

વાઈન બ્રાન્ડી ક્લેરેટ શેમ પેઈન, બાટલીના બુચ કર્યા પ્રચ-પાઈન
મહી મટન રોસ્ટ, મહીં શુકકરનુ ગોસ્ત
એગચીકીનના દોસ્ત, બન્યા હોટેલના હોસ્ટ વાઈન૦
પુડીગ પાંઉ મીઠા, ઉડાવતા મેં દીઠા
અંગરેજનાં અજીઠાં, ગ્રેચેડ મોસ્ટ,
જોતા થાયય સુગ હા! દુબકનો દુખ પ્રશ્ના:
જમેતે, ગમેતે, ભમેતે, ફેશનમાં મોસ્ટ ઈનવેઈન: વાઈન૦

કેશવ— ૧૧

ઓ લો યુ ટેક પીસ;
શંકર—ઉ હું છીસ છીટ;
કેશવ—એ બીસકીટ ખા જાઓ.
બચ્ચા બહી નહિ,

૩૨૪

૧૧

—નહિજી નહિ.

—એ બાજુ આ જાઓ.

ઓલો મેં બસ

શંકર—ઓ યસ્ યસ્ યસ્

બટ યુ થોરા દુર યાઓ.

કેશવ—ઓ યસ્

શંકર—ઓ યસ્

કેશવ—ઓ લુચ્ચા ચૅપ.

શંકર—ઓ ભાઇ જરા શરમાઓ.

કેશવ—લો બીસકીટ

શંકર—ઓ છીટ્ છીટ્

કેશવ—ઓ ટુમ યે ખા જાઓ,

શંકર—ત્રાહ રામ રામ.

કેશવ—ઓ યુ ડ્યામ

શંકર—બારીસ્ટર શરમાઓ

કેશવ—

૧૨

સે ગુડ બાઇ ઍન્ડ ગુડ ઇવનીંગ,

નોટ જયકૃષ્ણ જયગોવિંદ;

હાઉ મચ સ્વીટ ગુડ મોરનીંગ ! કેમ ?

વ્હોટ જય જય જય રાસ્કલ ડેમ

ઇન્ડીઅન ઓલ આર મેનર લેસ

ભા ભા આવો બચ્ચા બેસ,

શેક હેન્ડ આહ ! ઇઝ મેનર પ્લેઇન,

યુ હેવ શેઇમ ઍન્ડ શેઇમ અગેન.

૧૩

નાની—રામ તું ઉદ્ધાર ત્રાતા રામ તું ઉધારરે;

રૂડું તારૂં નામ ત્રાતા, રામ તું ઉદ્ધારરે રામ૦

તું વિના ના અન્ય કોઇ, સાચુ શરણુ મારેરે.

ગરીબ બાળ. અમને કોણ. તું વિના ઉગારેરે; રામ૦

૧૪

નાની—હસો બાપા હસોની હસોની જરીક.
ચીમન—હસો ફુઇને સામે બાપા ઠીક, ઠીક, ઠીક,
નાની—માને માને મારૂં કહ્યું
ચીમન—તો અમારૂ રહ્યું
નાની—જાએ તેના સહ્યું.
ચીમન—નાનીઃ—હસો હાઃ હાઃ હાઃ હાઃ — હસો૦
ચીમન—બાપા હસાવું કાખલી કુટાવું
નાની—વાહવારે બાહર જવાં
ચીમન—હસો બાપા મારા
નાની—હસો બાપા પ્યારા,
ચીમન—હસો બાપા સારા
બન્ને—હસો હાઃ હાઃ હાઃ

કેશવ—

૧૫

બનાવીશ બશ મુજ ઐરીને સ્વતંત્ર હું નિરધાર
સમજાવીશ એને સઘળો હું સુધારાનો સાર,
પુરૂષને સ્ત્રીઓ સદાય છે સમાન હક ધરવા,
નહી નારી નીપજાવી કેવળ ગુલામગીરી કરવા.
લઇ જાઉં છુ હું હમણા સાથે સ્ટેશને ફરવા
પહેરાવી બુટ સ્ટોકીંગ સ્પેકટી કલ્સ હેવનો પરવા

સર્વે—

૧૬

મેંદી પોતું મેંદી પોતું મેંદી પોતું જાય
એક હું હલાવું ત્યારે ડાળી હાલે ચાર
સહીયર મેંદી લેશે ?;

૧. હી—મારી સાસુએ એમ કહ્યું જે:
વાસીદાં વાળી મેલ,
મેં બાળીએ એમ જાણ્યું કે,
સાવરણી બાળી મેલ, — સહીઅર

૨. જી—મારી સાસુએ એમ કહ્યુ જે
પાણી ભરી મેલ

મેં ભોળીએ એમ જાણ્યું કે
બેડાં ફોડી મે'લ સહીઅર

૩, જી—મારી સાસુએ એમ કહ્યું જે;
રાંધણાં રાંધી મે'લ
મેં ભોળીએ એમ જાણ્યું જે,
ચુલો ખોદી મે'લ સહીઅર

૪, થી—મારી સાસુએ એમ કહ્યું જે,
ગાયો દોહી મે'લ
મેં ભોળીએ એમ જાણ્યું જે,
ગાયો છોડી મે'લ સહીઅર

૫, મી—મારી સાસુએ એમ કહ્યું જે,
કોડમાં દીવો મે'લ
મેં ભોળીએ એમ જાણ્યું કે
સોડમાં દીવો મે'લ સહીઅર

સર્વે— ૧૭

જો જો ચલાવશો કેવી ચતુરાઇ
વરને ભણાવશે આ ગંગાબાઇ
જાઓ લજાઓ ન ખાલી બનાવો
માંડી તમોએ આ શેની ભવાઇ વરને૦
ચુપ બોલાવશો નહિ મને તો
થશે એમાંથી મોટી લડાઇ વરને૦

કેશવ— ૧૮

આતે કેવીરે રીત આતે કેવીરે પ્રીત
થાઉં અજબ અજબ હું ખચીત આતે૦
પતિનાં ચૂતળાં પુજવા શાં, પાય ધોઇ પાણી પીવાં
મોક્ષ લેવા અધ કેવાં, ભૅંડ જેવાં રાખે ચિત્ત, આતે૦

નાની— ૧૯

બ્હીલાં બ્હીલાં ચાલ્યાં આહા,
ભાજી મદારીના લાડી બ્હીલાં૦
જુઠ બોલે, માથુ ડોલે,
આંખ થાય બ્હાકણુસીની બાડી

ધીરે ધીરે બાપુડી પઢાવો
જરા ધીમે ધીમેથી કુદાવો
બાપુ હળવે, બાપુ હળવે
ભાભી લાઉં એકાદી ગાડી   વ્હીલાં૦

શ્રીમન્ત }
છોકરાઓ }

૨૦

સોટી વાગે ચમ ચમ ચમ ચમ
વિદ્યા આવે રમ ઝમ રમ ઝમ
મહેતાજીની સોટી, લાંબી મોટી,
વાંસે ચોટી, વાગે ખોટી,
વાળે તોટી, બોલે સમ્ સમ્ સમ્ સમ્,   વિદ્યા.
મહેતાજીની ઘોડી, રૂડી જોડી
પગે ખોડી, મુકી છોડી,
જાએ દોડી, ચાલે ધમ ધમ ધમ ધમ;   વિદ્યા૦

સર્વ છોકરા—

૨૧

આવો સૌ યાર લગાઓ,
મીઠી મીઠાઇની મજા, મહેતાજીને ચખાવો,   આવો૦
મોટીતો આમ સડોસડ,

મહેતાજી—ઓ બાપારે ઓ મારે હાય,
છોકરા—ટોપી તો આમ તડોતડ,
મહેતાજી—ઓ બાપારે ઓ મારે હાય,
છોકરા—થપાટો આમ થડો થડ,
મહેતાજી—ઓ બાપારે ઓ મારે હાય;
છોકરા—ખપાટો આમ ખડોખડ
મહેતાજી—ઓ બાપારે ઓ મારે હાય,
મારી નાખ્યો બાપ કોઇ, ધાઓ ધાઓ,   આવો૦

૨૨

સર્વ—હવે મન કેમ ધરાએ ધીર, નયણે ખળ ખળ ચાલે નીર;
જદુરામ—અંતરથી અળગાં નહિ કીધાં, મારાં ગણી લગીર;
નાની—છોડી જાતાં એ સ્નેહી સદાનાં કાળજ લાગે તીર;
સર્વ—હાય શી આફત આવી પડી આ, ઓચીંતી અમશીર;

અંક ૨ જો.

૨૩

વળશે ક્યારે કુટુંબ સુખ મારૂં, લાગે એ વીખું સહુ ખારૂં રે;
વળશે૦

કહ્યું કરૂં કાન્ત તણું, થશે પીયુ શાન્ત ગણું;
મધુરી મધુરી શીખ હું ઉચ્ચારૂં રે; વળશે૦
કાન નહીં ધરે કંથ, વિચરે એ વિપરીત પંથ
શી રીતે હું પાર એ ઉતારૂં રે;

કેશવ— ૨૪

દેશાભિમાનનો ઝુંડો ફરકાવો ભ્રાત,
દુખે બળતી હિંદ બચાવો,
ટુકડા માટે ટળવળતી રાંક બિચારીએ.
કેમ રહ્યા છો બેસી એ દુખ જોઇ,
અંતર આગ બળે નહિ જેને, દુખી દેશ જોઇ,
એના જેવા અધમ જગતમાં બીજા ગણવા નહિ કોઇ,
જાગો મિત્રો ઉંઘી કેમ રહ્યા? આજ વખત છે સેવા કરવા,
છોડી સકળ સુખ નીજનાં ચાલો, આગળ વિજય વિજય છે
દેશા૦

૨૫

ચીમન— આવતું નાની રમત મજાની રમીએ ના કર વાર,
નાની—રમ પાનાની મોઇ ડાંડાની કે ઘોડા અસવાર
ચીમન—ઘોડો બનતું કરૂં અસવારી
નાની—વાહ ગધ્ધા સરદાર, ચુપ મરતાની, ઠઠ્ઠા શાની ?
ચીમન—કરતુ ખાઇશ માર
નાની—માર લે માર
ચીમન—ના જા બ્હાર.
નાની—થા તૈયાર,
ચીમન—કર લે પાર, આવતું૦

નાની ચીમન— ૨૬

આનંદ ના સમાયેરે,
દાદા છુટી આવે ઘેર, બાપા છુટી આવે ઘેર, આ૦
દોડીને ચડી ખોળામાં,
પ્રેમના ઝરેથી વેહેતાં
આંસુ લુછીશું આનંદ ભેર આ૦
હર્ષથી હૈયામાં ચાંપે, હેત ભરી ચુમી આપે,
ઉઠે સુખ પયો નિધી લ્હેર, આ૦

૨૭

ચીમન—નાની—સંકટ સંભારો દાદાનાં ઓ ભાઇ મારા.
નાની—શીરછત્ર ત્યાં સુકાએ, ઘરબાળી તીર્થ થાએ,
ચંદન—કેળવણી કંથ ગવારી.
બારીસ્ટર—પણ પરમારથ પંકારી
નાની—કપુત નામ ઠરશે,
ચંદન—ઘર ઘરમાં વાત કરશે,
નાની—કરશે સૌ લોકો ફટ કટ,
બારીસ્ટર—નખાઓ શીર જાઓ
નાની—નખાઓ ભુલાવો,
લજાઓ લજાઓ ઓ ભાઇ મારા

ગંગા— ૨૮

આવી ઓ માડી હુલાવેલી લાડી તારી,
કાલી કાલી ઘેલી ઘેલી થઇને લડાવી લાડ,
હરખે હૈડામાં ઝુલાવેલી લાડીલી તારી, આવી૦
રૂપમા રમા બનાવી, ડહાપણે પુરી ફુલાવી
જુદી જુદી તેં ફુલાવેલી લાડીલી તારી આવી૦

❋ ❋ ❋

ડાહી તજી કયમ ઘેલી કહી? મા મુજને એ ગમશે નહિ
હું તુજ રઢાઆળી દીકરી, કેમ ગણે એન ઠીકરી?
માતા ધણુ ન જુએ સામણે, કોણ જગતમાં એન ગણે?

❋ ❋ ❋

શું છે એટલું માડી, મને કેમ હાડી, હાડી
ઉગતી કહી રૂપાળી,? ફુઆવી ભોળી બાળી ?

* * *

મને સૌ ચીડવે બાળા, પાડે મારી ચાલના ચાળા.

* * *

સખી મને કહે છે કાળી,

* * *

(હું ?) માડી શું હું છું રૂપાળી ?

* * *

રૂપાળીનો મટકો જોજે.

ગંગા— ૨૯

બોલો બોલો બોલો વાણી બોલોજી,
મધુરી મધુરી મધુરી વાચા બોલો
બોલો બોલો વાણી બોલોજી
સુંદર સુરસ સરલ સુભગ
મોહક મધુરી બોલો બોલો
બોલો વાણી બોલોજી
શાને રસાળ ફૂલે અણમોલાન ?
સાહિત્યે મસ્ત બની શીદ ડોલો ન ?
કૂકે ધીમે મુજ અંતરનો હીંદોલો—દોલો-બોલો વાણી બોલોજી

શંકર— ૩૦

મુગ્ધ બન્યો હું આ મુગ્ધાથીરે,
દિલેપ્રીતિ રંગે રંગે;
જીવન— પણ ધીમે ધીમે.
શંકર—પલટ્યું જીગરઆ, જીંદગી, પલટીરે,
મોહીની સંગે સંગે,
જીવન— પણ ધીમે ધીમે,
શંકર—તાલા વેલી તનમાં લાગીરે,
વ્યાકુળ અંગે અંગે,
જીવન— પણ ધીમે ધીમે

નાની— ૩૧

પ્રેમ સુધારસ પી પ્રાણી
ભરભર પ્યાલા પા તું રસીકને
તું પણ પીસે, પ્રાણી પ્રાણી
ભવ સાથ ભળી જાવા ભાવે
લ્હાનું અજબ લ્હાણી પ્રાણી—પ્રેમ૦

નાની— ૩૨

અહી પડે મુડદું કે પણે જાઇ બીજીને પરણે.
જુએ નાટ થાય ઝટ ત્રીજી બીજીને મરણે
મૃદુ હસતી પિમળી પિમળી
પડી ઘાતકી હાથે વિમળી
વીમળાઇ જાય કળી કુમળી
કેયમ કમ કમાય નહીં એરાક્ષસી આચરણે — અહી૦

નાની— ૩૩

ઓ મહેરબાન જરા ખમીખાઓ
ખમીખાઓ આમા ન અહીં,
રહો હવે ભરમ મહીંજ તહીં, — જરા૦
હુ ઉસ્તાદની ઉસ્તાદ, ઉસ્તાદ ચાદરાખો
બનાવુ ઉલ્લુ હું તમને આજ, દાઝ નહિ દાખો
નહિ દાખો સામી હુંસમી. — જરા૦

ગંગા— ૩૪

અરે હારે મારી તલખી તલખી વીતે રેન,
તલખી તલખી વીતે રૈન—નહિ ચ્હેન; — મારી૦
મતિ ભુલી ભાન જયાં ચુકી, હવે શુ રહ્યું બાકી?
શરમમા આગ જ્યાં કુકી હવે શું રહ્યું બાકી?
હૃદયની શાન્તિ જયાં સુકી, હવે શુ રહ્યું બાકી?
ગળે તલવાર જ્યાં મુકી હવે શુ રહ્યુ બાકી?
બન્યું ઉધ્ધત ચડયું શીર મસ્ત મદ ઘેન, — મારી૦

ગંગા— ૩૫

થાજો આશા પુરી મોરા વાલમા,
હું રાખું તમોન હૈડા મોંઝાર,
ઓ મારા આધાર, — મોરા૦

દઈ દીલ તમારું પાણું પ્રેમથી.
સુવા દઈં હું ફુલી શૈયા આધાર,
આ હૈયા મોઝાર, મોરા૦
મારા વાલમજીને અર્પી જીંદગી,
આશા પુરે અંબા દીન ઉધ્ધાર,
કરૂણા ભંડાર, મોરા૦

દેવકોર— ૩૬

આતુર મન મારૂં આજે, ઘડી ધીર ધરેના,
ઘડી ધીર ધરેના,
પડકે આશાને અવાજે ઘડી ધીર ધરેના
ઘડી ધીર ધરેના આ૦
ભયને શંકા ભર્યું એ, સ્થીર ઠરેના
વ્હાલી બાલીકાના સુખ કાજે, ઘડી ધીર ધરેના આ૦
પાણી પાણી દેખે ક્રોધ દેખે અંદરેના
તોફાનમાં એ ઘુમતાં જહાજે ઘડી ધીર ધરેના,
ઘડી ધીર ધરેના આ૦

દેવકોર— ૩૭

મને લાગે વ્હાલી, મારી ઘેલી કાલી,
કાલી વ્હાલી મારી લાડીલી;
મારી લાડિલી મારી લાડિલી, મને૦
હરખે ઝુલાવી મેં પ્રેમે ઝુલાવામેં
વેલી ખીલાવીમેં ફુલી ફાલી,
એ મારી કુમારી બીચારી દુઃખીઆરી
પીઆરી પીઆરી મારી લાડિલી,
મારી લાડિલી મારી લાડિલી, મને૦

સોલજરો— ૩૮

કમ્ ઑલ યુ ડારકીસ લીસન ઍન્ડ આઇલ
ટેલયુ વૉટ બી ફૅલ;
આ વેરી પ્રેટીય લ્લો ગર્લ મીસ જુલી
ઍટ આ બૅલ,
હુઝ પ્લેફુલ વાઇલ્સ ઍન્ડ વીચીંગ
સ્માઇલ્સ ડીસટેકટેડ ઍવરી હાર્ટ
શી હૅડ આ સ્કોર ઑર મોર

આર મોર સો વુલ શી પ્લેઈડ હર પાર્ટ.

જુલી ઍંટ આ બૅલ,

જુલી ઍંટ આ બૅલ,

જુલી જુલી જુલી જુલી,

જુલી ઍંટ આ બૅલ.

૩૯

ગંગા—મનના મનોરથ સફળ થશે શું ?

શંકર—સફળ થશે અવતાર,

ગંગા—પ્રેમ તણી પ્યાસી હું પ્યાસી,

શંકર—પ્રીતી જળ પાઉં પ્યાસ છીપાવું

ગંગા—છાઉં શીતલ કાસાર પ્રેમતણી૦

અંતર ભર ભર પ્રેમ રંગ છાંટું,

શંકર—બીજી બીજાનું આધાર પ્રેમતણી૦

ગંગા—પ્રેમ નિશા મહીં મરત હું પ્રીતમ.

શંકર—ઘેલો હું તો ત્યાં હાર. પ્રેમતણી૦

અંક ૩ જો.

ચંદન— ૪૦

બાંધ્યો ધર્મ બંધનથી જગ વ્યવહારરે

તજે એ સુખ સારરે; થશે ન શુભ લગારરે બાંધ્યો૦

રત્નથી ભરેલો રૂડો રત્નાસાગર

આવે ઉછળી હદ પારરે, ડુબાવે આ સંસાર, બાંધ્યો૦

કેશવ— ૪૧

સ્નેહ પુરમાં તરશું, ફરશું બન્ને એલડીએ વળગી

આવે નહિતો સમછે મારા તુજને કરીશ નહીં અળગી

આબુશંકર— ૪૨

આ સુધારાના યાર, કરી યુરોપી પ્યાર

પામેછે આખર પેજાર આ૦

લેડી પાસે લાચાર. ઝુલ્યા ભટકે ગમાર,

રહે આંખો ચોળી એ આખરે : આ૦

શક છે શ્રી અતિ માન યોગ્ય પુરૂષ કેરી પ્રાણુ.
સ્નેહ પ્રેમ-ધર્મ જેથી બાંધ્યાં નહિતો થાએ હાણુ
લાગ્યો શાન્તિને સુખ નાશ પમાડનાર
ચુરોપી આજાર; આર્યોને આ વાર, આ૦

૪૩

ચંદન—પીયુજી આજે આવો તો સાચાં સુખ માણીએ હો રાજ
નેડા નાણીએ હો રાજ

કેશવ—પ્યારી સાચાં સુખનો પંથ બતાવ્યો કંથને તેં આજ,
નેડા નાણવાને કાજ.

ચંદન—પીયુજી પ્રેમ તણે પંથે વિચરો, ને
હવે મોજ કરો ને,

કેશવ—દિલ શાન્તિ ભરો ને,

ચંદન—રંગ રંગે રો ને,

કેશવ—પ્યારી તો કાં કરો, હ્યો આજ
નેડા નાણવાને કાજ, પીયુજી,

૪૪

શંકર—અલબેલી આવો પ્રેમ ઘેલી,

ગંગા—ના તમે જાઓ તમે જાઓ
શીદ મોહન ઉભા મામ મેલી

શંકર—ઓ તમે આવો તમે આવો
આવો મોહિની નવેલી વ્હેલી વ્હેલી

ગંગા—ના તમે જાઓ તમે જાઓ;
લ્હાણુ લઇશ એકલી ખેલી ખેલી,

શંકર—ઓ તમે આવો તમે આવો.

હેવંકાર— ૪૫

જુઠ્ઠાન જુઠાઇ તારી છુટી,
વછુટી નહિ જુટ્ટી લુચ્ચાઇ, જુ૦
જુટ્ટી લુચ્ચાઇ નહિ તુટી લુચ્ચાઇ જુ૦

ભભખભુ ઝળોકે લાકડાનાં
બાંધું ઘોળી ધજા લો શારે
લોકો આવો
પ્રાણુશંકર—શીત શીત શીત
દેવકોર—ચોખો લાવો
પ્રાણુશંકર—એ......એ......એ......
દેવકોર—લ્યો વધાવો
પ્રાણુશંકર—જા, જા, જા' જુ૦

૪૬

શંકર—છણકો નકર છણકો નકર હરિ છબીલી
ગંગા—ભુરકી નાંખીને મને તો ભમાવી
શંકર—શાને ચડાવે આળ જુઠાં રસીલી છણકો૦
ગંગા—મીઠા મીઠા બોલે લાના લોભાવી
શંકર—કામણ કીધાં શાં શાં તેં આ નવલી છણકો૦
ગંગા—એકજ જીવન થશે આપણું જીવનજી
શંકર—આ હૈડે અલબેલી રહે જે વસેલી છણકો૦

૪૭

રાધા—કોને કહોછો કોણ ફિરંગણ,
ચંદન—રાખો નણદી નાની,
દેવકોર—ખુલ્લું બેસી ખીર ખાઓએ,
વાત રહે નહિ છાની,
મારી નાનકડી ભોજાઇ,
આવતો દેખાડું તારા બાપનો જમાઇ.
રાધા—નહિ ફિરંગણ હું વેરાગણ
દુઃખણી વિધવા બાળા,
દેવકોર—જગત બંધુ જાણે છે ભાભી;
મુકો ખોટા ચાળા,
મારી નાનકડી ભોજાઇ

આવતો દેખાડું તારા બાપનો જમાઇ
રાધા—દુખીઆરીની આશી કહો ?
આતે કેવી રીત ?
દેવકોર—શીદને બાંધી ફિરંગી સાથે
જઇ પહેલાંથી પ્રીત ?
મારી નાનકડી ભોજાઇ
આવતો દેખાડું તારા બાપનો જમાઇ
રાધા—જાઓ તમો બન્નેની સાથે
બોલ્યાની છે બાધા
દેવકોર—કોણ હવે બાઇ મનાવશે ?
રીસાણું રાણી રાધા,
મારી નાનકડી ભોજાઇ
આવતો દેખાડું તારા બાપનો જમાઇ.
ચંદન—અહો ફિરંગી !
દેવકોર— અહો ફિરંગી !
લીધો તમારી નારી,
ચંદન—રમાડજો રાધા ગણીને,
દેવકોર—કામની કામણગારી,
મારી નાનકડી ભોજાઇ,
આવતો દેખાડું તારા બાપનો જમાઇ.
રાધા—ચાલ્યાં ક્યાંને આ શું કરજેતો ?
હા અડશો નહિ મુજને.
પ્રાણશંકર—ચાંપીશ મારા હૈડા સાથે.
રસીલી રાધા તુજને,
મારી લાડીલી લુગાઇ,
કરીશ ચમન તારી સાથે હું
ભલો ફિરંગી બાઇ.
રાધા—અરે ફિરંગી
પ્રાણશંકર—અહો ફિરંગી !

રંગીલી મુજ રમણી,
રાધા—અરે દોડજો કોઇ બચાવો,
આશુશંકર—હાજર છુ મુજ રમણી
મારી લાડીલી લુગાઇ,
કરીશ ચમન તારી સાથે હું
ભલો ફિરંગી ભાઇ
રાધા—છોડ દુષ્ટ છું નહિ તો .... આશું ?
શું મારા આધાર ?
આશુશંકર—હું તુજ જીવનહાર રસીલી.
તું મુજ જીવન સાર,
મારી લાડીલી લુગાઇ,
કરીશ ચમન તારી સાથે હું,
ભલો ફિરંગી ભાઇ.

૪૮

એક માતને તાત શરણુ છે અવનીમાં મારૂં
એક ધર્મ શુભ આર્ય તણો હું શ્રેયસ્કર ધારૂં,
એક ધર્મનું ધામ, ભૂમિ આ ભારત તણી ચારૂ,
એક હરિનું નામ, વિશ્વનું તારણુ કરનાર.

૪૯

સર્વે—સદ્ધર્મ વિજય પામે સૌ ઠામે
અવિચળ જામે આરામે.
હર્યું સંકટ આમ શ્રી જદુરાયે
ત્યમ આર્ય બંધુ સૌ સુખી થાયે.
શાન્તિ સૌ ગામે, ધામે ધામે.
આપે આમે, શ્રી રામે. સદ્ધર્મ૦

સમાપ્ત.
